**DATE: 05/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–02**

### ઝઘડિયા જીઆઈડીસીમાં ધંધાકીય બાબતે ફાયરિંગનો મામલો

# ફાયરિંગમાં સંડોવાયેલા પાંચ આરોપીઓની ધરપકડ કરાઈ

## ગણતરીના જ કલાકોમાં મુખ્ય આરોપી જયમીન પટેલને દબોચી લીધો

। ઝઘડિયા ।

ઝઘડિયા જીઆઈડીસીમાં ધંધાકીય અદાવતને કારણે ગત રોજ સાઉથની ફિલ્મીની જેમ ખુલ્લેઆમ વાસ્તવિક ખુંખાર દ્રશ્યો સર્જાયા હતા. ધોળા દિવસે અંધાધુંધ ફાયરીંગ કરનાર આરોપીઓ પૈકી પાંચ જેટલા આરોપીઓની પોલીસે પલકવારમાં જ ધરપકડ કરી હતી. બે જૂથ વચ્ચે ચાલતી ધંધાકીય હરીફાઈની ગત રોજની લડાઈમાં સંડોવાયેલા મુખ્ય આરોપી જયમીન પટેલ ઘટનાના ૨૧ જ કલાકમાં પોલીસે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઝડપાયેલા તમામ આરોપીઓના પોલીસે વાલિયા પીએચસી ખાતે કોરોના ટેસ્ટ કરાવ્યા હતા.

ઝઘડિયા જીઆઈડીસીની આરતી ઈન્ડસ્ટ્રીઝ કંપનીના નવા બનતા પ્લાન્ટ પાસે ગત રોજ ધોળા દિવસે સાઉથની ફિલ્મોની જેમ ખુલ્લેઆમ અંધાધુંધ ફાયરીંગ કરી વાસ્તવિક ખુંખાર દ્રશ્યોનું સર્જન કર્યું હતું. જે ગુનામાં ઝઘડિયા પોલીસે પંદર ઈસમો સામે નામજોગ તેમજ અન્ય ટોળા સામે હત્યાની કોશિશ, રાયોટીંગ અને આર્મ એક્ટ હેઠળ વિવિધ કલમો સહિત ગુનો દાખલ કર્યો હતો.

જે બાબતની તપાસ વાલિયા પીઆઈ કે.વી.ચુડાસમાને સોંપવામાં આવી હતી. અંકલેશ્વર ડીવાયએસપી ચિરાગ દેસાઈના માર્ગદર્શન હેઠળ પોલીસે ગણતરીના જ કલાકોમાં સદર ગુનામાં સંડોવાયેલા પાંચ આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા મુખ્ય આરોપી જયમીન રણછોડભાઈ પટેલ ઉંવ.૩૮ રહે. અંકલેશ્વરની ઘટનાને ૨૧ જ કલાકમાં ધરપકડ કરી છે. પોલીસે ઝડપાયેલા તમામ આરોપીઓના કોરોના ટેસ્ટ કરાવી તેઓની વધુ પુછપરછ હાથ ધરી અન્ય આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.અત્રે ઉલ્લેખનીય છે કે આરોપીઓએ ગત રોજ ઝઘડિયા જીઆઈડીસીમાં ફરિયાદી રજનીકાંત રાજુ વસાવા તથા તેની ટીમ ઉપર જાનથી મારી નાંખવાના ઈરાદે અંધાધુંધ ફાયરીંગ કર્યું હતું. ઉપરાંત દસથી વધુ ગાડીઓની તોડફોડ કરી કચ્ચરઘાણ કર્યો હતો. તેમજ અરૂણ ઉર્ફે બાથા રાયસીંગ વસાવાને લાકડીના સપાટા માર્યા હતા. તો માથાના ભાગે પારીયું મારી જીવલેણ હુમલો કર્યો હતો.



### ઝડપાયેલા આરોપીના નામ

- જયમીન રણછોડભાઈ પટેલ ઉંવ.૩૮, રહે. અંકલેશ્વર
- અનિલ શાંતિલાલ વસાવા ઉંવ.૨૬, રહે. વાલિયા
- આકાશ ચેતન યાદવ ઉંવ.૨૫
- જીતેન્દ્ર મહેશ વસાવા ઉંવ.૨૧, રહે.તલોદરા
- વિકાસ ઉર્ફે વિકી શૈલેષ વસાવા ઉંવ.૨૦, રહે. વાલિયાની

### જંબુસરના અમનપુરથી ખાનપુર ગામે લઇ જતાં હતાં

# કતલના ઈરાદે લઈ જવાતી ચાર ગાયને બચાવી લેવાઈ

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

જંબુસરના નોંધણા ગામે ધોળીપરબ ચોક પાસેથી કતલના ઈરાદે લઇ જવાતી 4 ગાયો ભરેલી એક પિકઅપને વેડચ પોલીસે ઝડપી પાડી હતી.

વેડચ પોલીસની ટીમે નોંધણા ગામે આવેલાં ધોળીપરબ ચોક પાસેથી પશુ ભરેલી એક પિકઅપ ઝડપી પાડી હતી. તપાસ કરતાં તેમાં 4 ગાયને ક્રૂરતાપુર્વક બાંધીને કોઈ ઘાસચાર વીના લઈ જવાતી હોવાનું માલુમ પડ્યું હતું. ડ્રાઈવર ક્લિનરની પુછપરછ કરતાં તેમના નામ સાહીલ નજીર પટેલ તેમજ સરફરાજ મહમદ પટેલ (બન્ને રહે. ખાનપુર) હોવાનું માલુમ પડ્યું હતું.

તેમણે કબુલ્યું હતું કે, તેમના ગામના સકીલ પટેલે તેમને જણાવ્યું હતું કે, મારે કટીંગ માટે અમનપુર ખાતે રહેતાં લાલાઘાંચીને ત્યાંથી ગાય લાવવાની છે. તેઓ અમનપુર જશે એટલે તેઓ તેમની પીકઅપમાં ગાય ભરાવી આપશે. જેથી તેઓએ અમનપુર જતાં જ્યાં લાલા ઘાંચીએ તેમનો સંપર્ક કરી તેમને ગામની ભાગે આવેલાં તબેલા પરથી પશુઓ ભરી આપ્યાં હતાં. જેના પગલે ટીમે ચારેય ગાયોને બચાવી લીધી હતી.

### મહારાષ્ટ્રના નંદુરબાર ખાતે છુપાયેલા મળી આવ્યાં

# અંકલેશ્વરની સગીરાને ભગાડી જનાર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જનાર આરોપી નંદુરબારથી ઝડપાયો છે. 15 મી મેના રોજ જી.આઈ.ડી.સી.વિસ્તારમ i આવેલ એક સોસાયટીમાં રહેતી 16 વર્ષની સગીરા સોસાયટીમાં આવેલા મંદિરે જવાનું કહી નીકળી હતી. જે મોડી સાંજ સુધી પરત નહીં આવતા તેની પિતા અને પરિવારજનોએ શોધખોળ કરતા તે મળી આવી ન હતી. જેને પગલે તેના પિતાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પ્રાથમિક તપાસમાં સગીરાને કોસમડીનો દિપક ફકીરા ભગાડી ગયો હોવાનું સામે આવતાં તેની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. દરમિયાન આરોપી મહારાષ્ટ્રના નંદુરબાર ખાતે હોવાની માહિતી મળતાં ત્યાં દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે આરોપીને ઝડપીને અંકલેશ્વર ખાતે લઈ આવી છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 06/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# ડાભા ગામેથી બૂટલેગર પિતા-પુત્ર ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

જંબુસર તાલુકાના ડાભા ગામની નવી નગરીમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે બે બુટલેગરોને વેડચ પોલીસે ઝડપી પાડ્યા હતાં. કમલેશ વાદી અને પ્રવિણ વાદી પાસેથી દારૂની 24 બોટલ મળી આવી હતી. પોલીસે 4 હજારનો મુદ્દામાલ જપ્ત કરી પિતા-પુત્રની ધરપકડ કરી હતી. આરોપીઓ દારૂ કોની પાસેથી લાવ્યાં હતાં તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

**DATE: 06/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## ભાડૂઆતની નોંધણી ન કરતાં કાર્યવાહી

# નબીપુર, ઝનોર, શુક્લતીર્થના 10 મકાન માલિકો સામે ગુનો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નબીપુર પોલીસે ભાડૂઆતોની નોંધણી નહીં કરનારા મકાન માલિકો સામે કાર્યવાહી શરૂ કરી હતી. ટીમે નબીપુર ગામે તેમજ ઝનોર, ઝંઘાર તથા શુક્લતીર્થ ગામે ચેકિંગ કરી કુલ 10 મકાન માલિકો સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નબીપુર પોલીસ દ્વારા તેમના વિસ્તારમાં આવતાં ગામોમાં ભાડૂઆતોની નોંધણી નહીં કરાવનારા મકાન માલિકોને શોધી તેમની સામે કાર્યવાહી શરૂ કરી હતી. અલગ અલગ ટીમો બનાવીને નબીપુર ગામે તેમજ ઝનોર, ઝંઘાર તથા શુક્લતીર્થ ગામે ચેકિંગ કરી કુલ 10 મકાન માલિકો સામે કાર્યવાહી કરી હતી. જેમાં નબીપુરમાં દિલાવર મહંમદ કારભારી (રહે. અરબ સ્ટ્રીટ), મહમદ ઈસ્માઈલ નાંધલાવાલા (રહે. હાઈસ્કૂલ પાસે), મોહમદઅમજદ યુસુફ બંગલાવાલા (રહે. બંગલાવાલા સ્ટ્રીટ) ઝનોર ગામે દિપક રાયસંગ માછી (રહે. ટાંકીફળિયુ), રાજેશ પ્રભાત પટેલ (રહે. કુંભારવાડની સામે), કમરૂદીન અબ્દુલ પટેલ ( વ્હોરવાડ) યોગેશ ભીખુ પટેલ ( પટેલ ફળિયુ), કરામતઅલી મહમદ પટેલ (રહે. વ્હોરવાડ) તેમજ શુક્લતીર્થ ગામે પ્રકાશચંદ્ર દિગમ્બર ખેડકર ( ગણપતિ ફળિયુ) તથા ઝંઘાર ગામે રહેતાં સિદીક અબ્દુલ હાફેજી (રહે. તારવાલા સ્ટ્રીટ)નાઓએ તેમના ભાડૂઆત અંગે નબીપુર પોલીસ મથકમાં નોંધણી કરાવી ન હોવાનું માલુમ પડ્યું હતું. જેના પગલે પોલીસે તમામ વિરૂદ્ધ ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 07/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJRATMITRA PAGE–07**

# અંકલેશ્વર GIDCમાં ભંગારના શંકાસ્પદ જથ્થા સાથે આરોપી ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઇડીસી પોલીસના કર્મિઓ કાપોદ્રા પાટિયા વિસ્તારમાં પેટ્રોલિંગ હતા. દરમિયાન એક ટેમ્પો અસાર માર્કેટ તરફ જઈ રહ્યો હતો. જેને રોકી તલાસી લેતાં તેમાંથી લોખંડની પાઇપ, પ્લેટ તેમજ અન્ય લોખંડનો ભંગાર મળી આવ્યો હતો. જેની કિંમત ૪૫ હજાર રૂપિયા, ટેમ્પોની કિંમત બે લાખ રૂપિયા થવા જાય છે. જીઆઇડીસી પોલીસે શંકાસ્પદ મુદ્દામાલ કબજે કરી ડ્રાઇવર લવકુશ પ્રજાપતિની ધરપકડ કરી હતી અને કુલ રૂ.2.54 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 07/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# હોટલના ભાડૂઆતની નોંધણી ન કરતાં કાર્યવાહી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના ટંકારિયા ગામે બંગલા સ્ટેન્ડ પાસે રહેતાં શબ્બીર અહેમદ ઈબ્રાહિમ ભુતાએ તેમની પારખેત રોડ પર આવેલી અમદાવાદી તવાફાય એન્ડ ચાઈનીઝ નામની હોટલ ભાડેથી આપી હતી. તેમણે તેમના ભાડૂઆત અંગેની નોંધણી પાલેજ પોલીસ મથકે ન કરાવતાં પોલીસે તેમની સામે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.બે દિવસ પહેલાં પોલીસે શુકલતીર્થ વિસ્તારમાં કાર્યવાહી કરી હતી.

DATE: 07/05/2023 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE–01

# અંકલેશ્વરમાંથી બે બુટલેગર ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર માં પોલીસે બે સ્થળોએથી દારૂના જથ્થા સાથે મહિલા સહિત 2ની ધરપકડ કરી હતી. રાજપીપળા રોડ ઉપર એચ.એસ.મોદી અને એસ.એસ.મોદી ગોડાઉનમાં હિરેન અવિનાશ મોદીએ સંતાડેલો 10 હજારનો દારૂ પોલીસે ઝડપી પાડયો હતો. જ્યારે કોસમડી ગામના સફેદ કોલોની બ્લોક નંબર-૫માં આવેલ રૂમ નંબર-૯માં રહેતી સવીતાદેવીએ પોતાના ઘરમાંથી દારૂ વેચાણ કરી રહી છે તેવી બાતમી મળતાં પોલીસે દરોડો પાડી તેને ઝડપી પાડી હતી. તેની પાસેથી 8,300નો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

# અંક્લેશ્વરમાં હત્યારા પિતા-પુત્રની ધરપકડ

અંકલેશ્વર | ગુજરાત હાઉસિંગ બોર્ડ ખાતે લક્ષ્મી પરમાર રહે છે.તેમના ઘરે મોટા ભાઈના દીકરા મેહુલ અને દીકરી વિશાખા આવ્યા હતા. સાજડીયાળીમાં સંબંધીનું મોત થતા ફુવા સાથે મેહુલને પરત વતન મોકલવા માટે જણાવ્યું હતું. જો કે વતન જવા માટે મેહુલ ના પાડી કાકા જયસુખના ઘરે રહેવા ચાલ્યો ગયો હતો. આ બાબતની રીસ રાખી ફોઈ, ફૂવા તથા તેમનો પુત્ર જયસુખના ઘરે ઝગડો કરવા માટે આવ્યાં હતાં. દરમિયાન અનિલે ધક્કો મારતા જયસુખ નીચે પડી જતાં મોતને ભેટયાં હતાં. આ કેસમાં આરોપી મોહન પરમાર અને અનિલ પરમારને ઝડપી લેવામાં આવ્યાં છે.

**DATE: 07/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભરૂચ શહેરની 11 દુકાનોમાં ડમી ગ્રાહકો મોકલી પોલીસ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગનું ઓપરેશન

# નશાનો કારોબાર, 3 મેડિકલ સ્ટોર સીલ

### તબીબના પ્રિસ્ક્રીપશન તથા ફાર્માસીસ્ટ વિના જ ગ્રાહકોને પ્રતિબંધિત દવાઓ આપતાં હોવાનો ખુલાસો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરમાં 11 જેટલી મેડિકલ સ્ટોરમાં ડમી ગ્રાહક મોકલી ટીમે ચેકિંગ કરતાં 3 મેડિકલ સ્ટોરમાં ફાર્માસિસસ્ટની ગેરહાજરીમાં તેમજ પ્રિસ્ક્રિપ્શન વિના દવાનું વેચાણ કરવામાં આવતું હોવાનું ધ્યાનમાં આવતાં તેમની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

ભરૂચ શહેર તથા જિલ્લામાં યુવાધન કફ સિરપ સહિતની દવાઓના રવાડે ચઢી ગયું હોવાની ફરિયાદો ઉઠી હતી. દારૂ અને અન્ય નશાકારક વસ્તુઓના વેચાણ પર પોલીસે ગાળિયો કસતા નશેબાજો કફ સિરપ અને ઉંઘની ગોળીઓ લેતાં હોવાની બૂમો ઉઠતાં પોલીસે ડમી ગ્રાહકો તૈયાર કરી શહેરની વિવિધ મેડીકલ સ્ટોર પર તપાસ માટે મોકલ્યાં હતાં. કેટલાય મેડિકલ સ્ટોરમાંથી ડમી ગ્રાહકોને ડોકટરના પ્રિસ્કીપશન વિના જ દવાઓ આપી દેવામાં આવી હતી. એસપી ડૉ. લીના પાટીલ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના એમ.પી.નાકરાણીના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. એસઓજીની ટીમે 11 જેટલા મેડીકલ સ્ટોર પર તપાસ કરી હતી અને તેમાંથી 3 મેડીકલ સ્ટોર પર પ્રિસ્કીપશન વિના જ ડમી ગ્રાહકને દવાઓ આપી દેવામાં આવી હતી. શિતલ સર્કલ પર આવેલાં પ્રમુખ મેડિકલ, નર્મદા કોલોની સામેની મંત્ર મેડિકલ તેમજ ભોલાવ બસ સ્ટેન્ડ સામેની પ્રમુખ મેડિકલમાં ચેકિંગ વેળાં રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટની ગેરહાજરીમાં ડોક્ટરના પ્રિસ્કીપશન વિના જ દવાનું વેચાણ કરાતાં ત્રણેય મેડિકલ સ્ટોરને તાત્કાલિક ધોરણે સીલ કર્યા હતાં.




## આગામી દિવસોમાં પણ ચેકીંગ જારી રહેશે : ડ્રગ્સ વિભાગ

હાલમાં જે ત્રણ દુકાનોમાં કાર્યવાહી કરી છે તેમાં ફાર્માસિસ્ટ હાજર ન હોવા સાથે પ્રિસ્કિપ્શન વિના દવા આપી હતી. તેમની સામે ડ્રગ્સ એન્ડ કોસ્ટમેટિક એક્ટ હેઠળ કાર્યવાહી કરાશે. આલ્પાઝોલામ, લોરાજીપામ, નેક્સલજીપામ જેવી સાઇકોટોપીક દવાઓના પ્રસ્કિપ્શન વિના વેચાણ પર પ્રતિબંધ છે. આગામી દિવસોમાં પણ ટીમો દ્વારા ચેકિંગ જારી રાખવામાં આવશે. »
એમ. પી. નાકરાણી, ફુડ એન્ડ ડ્રગ્સ અધિકારી

## આર્યુવેદિક સિરપના નામે પણ વેપલો

ગુજરાતમાં માત્ર 7% ટકા આલ્કોહોલ સાથેનું બિયર વેચવાની કે પીવાની પણ મનાઈ છે પણ 11% ટકા ઉપર આલ્કોહોલ ધરાવતી અને આયુર્વેદિક ના નામે સિરપ વેચવાનો વેપલો ચાલે છે ત્યારે પણ ભરૂચ પોલીસના ચેકિંગને મહત્વનું ગણવામાં આવે છે.

## દવાનો ગુનાખોરીમાં થવાની શક્યતા

આજથી દશેક વર્ષ પહેલાં રેલવે - બસની મુસાફરી કરતાં લોકો સાથે મૈત્રી કેળવી ઠંડાપિણા સહિતની વસ્તુમાં ઘેન આવી તેઓ સુઇ જાય તેવી દવાનું મિશ્રણ કરી પિવડાતી ટોળકી સક્રિય હતી. મુસાફર સુઇ જાય એટલે તેમનો સામાન ચોરી કરી ગઠિયાઓ ફરાર થઇ જતાં હતાં. ત્યારે પ્રિસ્ક્રિપ્શન વિના દવા આપવી જોખમી છે.

DATE: 07/05/2023 CATEGORY: GREEN
E-PAPER GUJRATMITRA PAGE–07

# અંકલેશ્વર GIDCમાં ભંગારના શંકાસ્પદ જથ્થા સાથે આરોપી ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઇડીસી પોલીસના કર્મિઓ કાપોદ્રા પાટિયા વિસ્તારમાં પેટ્રોલિંગ હતા. દરમિયાન એક ટેમ્પો અસાર માર્કેટ તરફ જઈ રહ્યો હતો. જેને રોકી તલાસી લેતાં તેમાંથી લોખંડની પાઇપ, પ્લેટ તેમજ અન્ય લોખંડનો ભંગાર મળી આવ્યો હતો. જેની કિંમત ૪૫ હજાર રૂપિયા, ટેમ્પોની કિંમત બે લાખ રૂપિયા થવા જાય છે. જીઆઇડીસી પોલીસે શંકાસ્પદ મુદ્દામાલ કબજે કરી ડ્રાઇવર લવકુશ પ્રજાપતિની ધરપકડ કરી હતી અને કુલ રૂ.2.54 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 07/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**



# હોટલના ભાડૂઆતની નોંધણી ન કરતાં કાર્યવાહી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના ટંકારિયા ગામે બંગલા સ્ટેન્ડ પાસે રહેતાં શબ્બીર અહેમદ ઈબ્રાહિમ ભુતાએ તેમની પારખેત રોડ પર આવેલી અમદાવાદી તવાફાય એન્ડ ચાઈનીઝ નામની હોટલ ભાડેથી આપી હતી. તેમણે તેમના ભાડૂઆત અંગેની નોંધણી પાલેજ પોલીસ મથકે ન કરાવતાં પોલીસે તેમની સામે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.બે દિવસ પહેલાં પોલીસે શુક્લતીર્થ વિસ્તારમાં કાર્યવાહી કરી હતી.

**DATE: 07/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# અંક્લેશ્વરમાંથી બે બુટલેગર ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર માં પોલીસે બે સ્થળોએથી દારૂના જથ્થા સાથે મહિલા સહિત 2ની ધરપકડ કરી હતી. રાજપીપળા રોડ ઉપર એચ.એસ.મોદી અને એસ.એસ.મોદી ગોડાઉનમાં હિરેન અવિનાશ મોદીએ સંતાડેલો 10 હજારનો દારૂ પોલીસે ઝડપી પાડયો હતો. જ્યારે કોસમડી ગામના સફેદ કોલોની બ્લોક નંબર-પમાં આવેલ રૂમ નંબર-૯માં રહેતી સવીતાદેવીએ પોતાના ઘરમાંથી દારૂ વેચાણ કરી રહી છે તેવી બાતમી મળતાં પોલીસે દરોડો પાડી તેને ઝડપી પાડી હતી. તેની પાસેથી 8,300નો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

**DATE: 07/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# અંક્લેશ્વરમાં હત્યારા પિતા-પુત્રની ધરપકડ

અંક્લેશ્વર | ગુજરાત હાઉસિંગ બોર્ડ ખાતે લક્ષ્મી પરમાર રહે છે.તેમના ઘરે મોટા ભાઈના દીકરા મેહુલ અને દીકરી વિશાખા આવ્યા હતા. સાજડીયાળીમાં સંબંધીનું મોત થતા ફુવા સાથે મેહુલને પરત વતન મોકલવા માટે જણાવ્યું હતું. જો કે વતન જવા માટે મેહુલ ના પાડી કાકા જયસુખના ઘરે રહેવા ચાલ્યો ગયો હતો. આ બાબતની રીસ રાખી ફોઈ, ફૂવા તથા તેમનો પુત્ર જયસુખના ઘરે ઝગડો કરવા માટે આવ્યાં હતાં. દરમિયાન અનિલે ધક્કો મારતા જયસુખ નીચે પડી જતાં મોતને ભેટયાં હતાં. આ કેસમાં આરોપી મોહન પરમાર અને અનિલ પરમારને ઝડપી લેવામાં આવ્યાં છે.

**DATE: 07/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભરૂચ શહેરની 11 દુકાનોમાં ડમી ગ્રાહકો મોકલી પોલીસ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગનું ઓપરેશન

# નશાનો કારોબાર, 3 મેડિકલ સ્ટોર સીલ

### તબીબના પ્રિસ્ક્રીપશન તથા ફાર્માસીસ્ટ વિના જ ગ્રાહકોને પ્રતિબંધિત દવાઓ આપતાં હોવાનો ખુલાસો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરમાં 11 જેટલી મેડિકલ સ્ટોરમાં ડમી ગ્રાહક મોકલી ટીમે ચેકિંગ કરતાં 3 મેડિકલ સ્ટોરમાં ફાર્માસિસસ્ટની ગેરહાજરીમાં તેમજ પ્રિસ્ક્રિપ્શાન વિના દવાનું વેચાણ કરવામાં આવતું હોવાનું ધ્યાનમાં આવતાં તેમની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

ભરૂચ શહેર તથા જિલ્લામાં યુવાધન કફ સિરપ સહિતની દવાઓના રવાડે ચઢી ગયું હોવાની ફરિયાદો ઉઠી હતી. દારૂ અને અન્ય નશાકારક વસ્તુઓના વેચાણ પર પોલીસે ગાળિયો કસતા નશેબાજો કફ સિરપ અને ઉંઘની ગોળીઓ લેતાં હોવાની બૂમો ઉઠતાં પોલીસે ડમી ગ્રાહકો તૈયાર કરી શહેરની વિવિધ મેડીકલ સ્ટોર પર તપાસ માટે મોકલ્યાં હતાં. કેટલાય મેડિકલ સ્ટોરમાંથી ડમી ગ્રાહકોને ડોકટરના પ્રિસ્કીપશન વિના જ દવાઓ આપી દેવામાં આવી હતી. એસપી ડો. લીના પાટીલ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના એમ.પી.નાકરાણીના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. એસઓજીની ટીમે 11 જેટલા મેડીકલ સ્ટોર પર તપાસ કરી હતી અને તેમાંથી 3 મેડીકલ સ્ટોર પર પ્રિસ્કીપશન વિના જ ડમી ગ્રાહકને દવાઓ આપી દેવામાં આવી હતી. શિતલ સર્કલ પર આવેલાં પ્રમુખ મેડિકલ, નર્મદા કોલોની સામેની મંત્ર મેડિકલ તેમજ ભોલાવ બસ સ્ટેન્ડ સામેની પ્રમુખ મેડિકલમાં ચેકિંગ વેળાં રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટની ગેરહાજરીમાં ડોક્ટરના પ્રિસ્કીપ્શન વિના જ દવાનું વેચાણ કરાતાં ત્રણેય મેડિકલ સ્ટોરને તાત્કાલિક ધોરણે સીલ કર્યાં હતાં.




## આગામી દિવસોમાં પણ ચેકીંગ જારી રહેશે : ડ્રગ્સ વિભાગ

હાલમાં જે ત્રણ દુકાનોમાં કાર્યવાહી કરી છે તેમાં ફાર્માસિસ્ટ હાજર ન હોવા સાથે પ્રિસ્ક્રિપ્શાન વિના દવા આપી હતી. તેમની સામે ડ્રગ્સ એન્ડ કોસ્ટમેટિક એક્ટ હેઠળ કાર્યવાહી કરાશે. આલ્પાઝોલામ, લોરાઝીપામ, નેક્સલઝીપામ જેવી સાઇકોટોપીક દવાઓના પ્રસ્કિપ્શાન વિના વેચાણ પર પ્રતિબંધ છે. આગામી દિવસોમાં પણ ટીમો દ્વારા ચેકિંગ જારી રાખવામાં આવશે. »
એમ. પી. નાકરાણી, ફુડ એન્ડ ડ્રગ્સ અધિકારી

## આર્યુવેદિક સિરપના નામે પણ વેપલો

ગુજરાતમાં માત્ર 7% ટકા આલ્કોહોલ સાથેનું બિયર વેચવાની કે પીવાની પણ મનાઈ છે પણ 11% ટકા ઉપર આલ્કોહોલ ધરાવતી અને આયુર્વેદિક ના નામે સિરપ વેચવાનો વેપલો ચાલે છે ત્યારે પણ ભરૂચ પોલીસના ચેકિંગને મહત્વનું ગણવામાં આવે છે.

## દવાનો ગુનાખોરીમાં થવાની શક્યતા

આજથી દશેક વર્ષ પહેલાં રેલવે - બસની મુસાફરી કરતાં લોકો સાથે મૈત્રી કેળવી ઠંડાપિણા સહિતની વસ્તુમાં ઘેન આવી તેઓ સુઇ જાય તેવી દવાનું મિશ્રણ કરી પિવડાતી ટોળકી સક્રિય હતી. મુસાફર સુઇ જાય એટલે તેમનો સામાન ચોરી કરી ગઠિયાઓ ફરાર થઇ જતાં હતાં. ત્યારે પ્રિસ્ક્રિપ્શાન વિના દવા આપવી જોખમી છે.

**DATE: 09/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–08**

### પોલીસે રાત્રિના સમયે રેડ કરતાં નાસભાગ મચી ગઈ

# ટંકારિયા સીમમાં કેનાલ પાસે જુગાર રમતા ૮ ખેલી ઝડપાયા

## પાલેજ પોલીસે રૂા.૩.૯૦ લાખ ઉપરાંતના મુદ્દામાલ જપ્ત કર્યો

। પાલેજ ।

ભરૂચ જીલ્લા ટંકારીયા ગામની સીમમાં આવેલ કેનાલની ઝાડીઓમાં પોલીસે રાત્રીના સમયે રેડ કરી હતી જેને લઈને જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી, પોલીસે ૩.૯૦ લાખનો મુદ્દા માલ સાથે ૮ જુગારિયાઓ ઝડપી લીધા હતા ત્યારે ૧૦ આરોપી ભાગી ગયા હતા.

પાલેજ પી આઈ શિલ્પા દેસાઈની દેખરેખ હેઠળ પોલીસ સ્ટાફ પ્રોહિબિશન જુગારના કેસો શોધી કાઢવા પાલેજ પોલીસ વિસ્તારના પેટ્રોલીંગમાં હતા દરમિયાન સંયુક્ત રીતે બાતમી મળેલ કે ટંકારીયા ગોઠી રોડ પર આવેલ સબ કેનાલની જાડિયોમાં કેટલાક ઇસમો પાના પત્તાનો હાર જીતનો જુગાર રમી રમે છે.જે મુજબની ચોક્કસ બાતમી ના આધારે પાલેજ પોલીસ સ્ટાફ બાતમી વાળી જગ્યાએ રેડ કરી ૮ જુગારીઓને દબોચી



જુગાર રમતાં ઝડપાયેલા ખેલીઓ નજરે પડે છે.

લીધા હતા તેમજ અન્ય ૧૦ જેટલા જુગારિયા ભાગી ગયા હતા. જ્યારે જગ્યા ઉપરથી અંગ જડતીના રૂા. ૧.૯૮ લાખ તેમજ અલગ અલગ કંપનીના મોબાઈલ નંગ ૧૪ મળી કિંમત રૂા.૧.૦૩ લાખ તેમજ દાવ પર લગાવેલ રોકડા રૂા. ૫૮,૭૭૦ એમ કુલ ૩ લાખ ૯૦ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે લઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

**DATE: 09/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## ભરૂચ એલસીબીની કાર્યવાહી, મુખ્ય સૂત્રધાર ફરાર

# ભરૂચથી દહેજ કારમાં ખેપ મરાતો દારૂનો જથ્થો ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, એક કારમાં વિદેશીદારૂ ભરૂચને એક શખ્સ દહેજ તરફ જવાનો છે. જેના પગલે ટીમે વડવા ગામના પાટીયા પાસેથી એક કારને રોકી તલાશી લેતાં તેનું નામ પંકજ ભરત ગોહિલ (રહે. દુબઈ ટેકરી, ઝાડેશ્વર રોડ) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેમની કારમાંથી કુલ 68 હજારની મત્તાનો વિદેશીદારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. જે અંગે તેને પુછપરછ કરતાં તેણે જણાવ્યું હતું. જ્યાતિનગર વિસ્તારમાં રહેતાં તિલક હરીકૃષ્ણ પટેલે તેને દહગામથી કુકરવાડા જવાના અંદરના રોડ પર બોલાવી સફેદ કલરની કારમાં લાવેલો દારૂ તેને આપ્યો હતો. જે વેચાણ કરવા માટે તે દહેજ તરફ જઈ રહ્યો હતો. જેના પગલે એલસીબીએ તિલક હરીકૃષ્ણ પટેલને વોન્ટેડ જાહેર કરી બન્ને વિરૂદ્ધ ભરૂચ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 10/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# મોપેડ પર દારૂની ખેપ મારતો શખ્સ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની અજંતા ચોકડી પાસેથી મોપેડ લઈને જતાં ગૌરાંગ જગદિશ પરમાર (રહે. રાજીવનગર સોસાયટી, શક્તિનાથ સર્કલ) ને રોકી તેની પાસેથી બેગની તપાસ કરતાં તેમાં વિદેશીદારૂની 12 જેટલી બોટલો મળી આવતાં ટીમે કુલ 6 હજારનો દારૂ તેમજ મોપેડ તથા મોબાઈલ મળી કુલ 46 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બનાવ સંદર્ભે સી ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**DATE: 11/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# આંકડાનો જુગાર રમાડતો શખ્સ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના દયાદરા ગામે પ્રેમનગરીમાં રહેતો શાંતીલાલ મોહનલાલ રાઠોડ આંકડાનો જુગાર રમાડતો હોવાની બાતમીને આધારે ભરૂચ તાલુકા પોલીસની ટીમે સ્થળ પર દરોડો પાડી તેને ઝડપી પાડ્યો હતો. ટીમે તેની પાસેથી 15 હજારથી વધુની રોકડ તેમજ એક મોબાઈલ સહિત આંકડો લખેલી ચિઠ્ઠીઓ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસના દરોડાના પગલે જુગારીયાઓ ફફડાટ ફેલાયેલો જોવા મળી રહયો છે.

**DATE: 11/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### 6 મહિના પહેલાં થયેલી ₹ 1.93 લાખની ચોરીમાં 3 આરોપી સુરતથી હાથ લાગ્યાં

# અંકલેશ્વરના કેશવપાર્કમાં મધ્યપ્રદેશની ગેંગે ધાપ મારી હતી, 3 તસ્કરો ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની કેશવપાર્ક સોસાયટીમાં 1.93 લાખની ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો છે. ગત 15 મી જાન્યુઆરીના રોજ કેશવ પાર્કના મકાન નંબર 81 માં ઘરફોડ ચોરી થઇ હતી. તસ્કરો 1.53 લાખ રૂપિયાના દાગીના અને 40 હજાર રોકડ મળી 1.93 લાખ રૂપિયા ની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. ચોરીની ઘટના અંગે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઇ હતી. ચોરીના બનાવના છ મહિના બાદ ચાર તસ્કરો સુરત પોલીસના હાથે ઝડપાયાં છે. સુરત પોલીસે તાજેતરમાં મધ્યપ્રદેશના 3 તસ્કરોને ઝડપી પાડયાં હતાં. તેમની પૂછપરછ દરમિયાન તેમણે અંકલેશ્વરમાં ઘરફોડ ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. તપાસ અધિકારી પી.એસ.આઈ ડી.એ.ક્રિશ્ચયને સુરત જઇ લાજપોર જેલમાંથી જગદીશ ઉર્ફે કૌશલ ચૌહાણ , કલ્લુ ઉર્ફે પ્રકાશ કુશ્વાહા અને સંજય કોલીને ટ્રાન્સફર વોરંટથી અંકલેશ્વર ખાતે લઇ આવ્યાં હતાં. ત્રણેય તસ્કરોને કોર્ટમાં રજૂ કરાતાં તેમના 5



દિવસના રીમાન્ડ મંજૂર થયાં છે. આરોપીઓએ સોના-ચાંદીના દાગીના મધ્યપ્રદેશમાં વેચ્યાં હોવાની માહિતી મળતાં પોલીસની એક ટીમ મધ્યપ્રદેશ જવા રવાના થઇ છે. બીજી તરફ ટોળકીએ ભરૂચ જિલ્લામાં અન્ય કોઇ સ્થળે ધાપ મારી છે કે કેમ તેની પણ વિગતો મેળવવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અંકલેશ્વર શહેર તથા તાલુકામાં ચોરીના અનેક બનાવો બન્યાં હતાં. આ ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા માટે પોલીસ પણ સક્રિય બની હતી.સુરત પોલીસના હાથે મધ્યપ્રદેશની તસ્કર ટોળકીના 3 સાગરિતો લાગી ગયાં હતાં. તેમણે પૂછપરછમાં અંકલેશ્વરની ચોરીનો ગુનો પણ કબુલ્યો હતો.ત્રણેય તસ્કરો બંધ મકાનનો દરવાજો તોડી અંદર પ્રવેશ્યાં હતાં અને સોનાચાંદીના દાગીના અને રોકડ રકમ લઇને ફરાર થઇ ગયાં હતાં પણ આખરે પોલીસ સકંજામાં આવ્યાં છે.

**DATE: 11/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાં ચોરીની બાઈક સાથે 1 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરકોદ્રા ગામ ખાતેથી 2 મહિના પહેલા ચોરી થયેલી બાઈક સાથે યુવાન કાપોદ્રા પાટીયા વિસ્તારમાં ફરી રહયો હોવાની બાતમી મળતાં પોલીસે વોચ ગોઠવી હતી. જ્યાંથી બાઇક સાથે ભડકોદ્રા ગામની ક્રિષ્ના નગરના રીઢા તસ્કર રોહિત મૈરલેને ઝડપી લેવાયો હતો. તેણે ભડકોદ્રા ગામેથી બાઇકની ચોરીના ગુનાની કબુલાત કરી હતી. પોલીસે બાઇક સાથે આરોપીની અટકાત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી અન્ય બાઇક ચોરીના ગુનામાં સંડોવાયેલો છે કે કેમ તેની પણ તપાસ શરૂ કરવામાં આવી છે.